# ટ્રેક નં. ૪૦ : મોક્ષમાર્ગ વિષે

✻ 'મોક્ષનો માર્ગ તો છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને', આ માર્ગ ક્યાથી શરૂ થાય છે? ને ક્યાં પૂરો થાય છે? એ તો સમ્યગ્દષ્ટિ ધર્માત્મા ચંપાબહેનશ્રી જ કહી શકે.

✻ માંગલિક

✻ ભક્તિ : એક હોય ત્રણ કાળમાં, પરમાર્થનો પંથ,
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત.

✻ પ્રશ્ન : સ્વાનુભૂતિ માટે કાંઈ સરળ માર્ગ?

● ઉત્તર : પુરુષાર્થ પોતાને કરવાનો છે. પણ ખરું તો અંતર ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરવી. શરીર જુદું. એ તો જુદું તત્ત્વ છે. અંતરના જે વિકલ્પ સંકલ્પ થાય એ કોઈ આત્માનું તત્ત્વ નથી. એનાથી એ જુદું તત્ત્વ. એ આત્માને ઓળખવાનો પ્રયત્ન કરવો તે, હું જુદો ચૈતન્ય છું. ઈ જાતની એની પરિણતિ, ઈ જાતની એની ઓળખાણ, એ એને લક્ષણથી ઓળખવો. અંતરમાં જઈને અને પછી એ ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરવી અને ક્ષણે ક્ષણે એની દૃષ્ટિ, એનું જ્ઞાન, એમાં લીનતા, એ વારેવારે કરવાથી વિકલ્પ તૂટે, સ્વાનુભૂતિ થાય છે. પહેલા તો એનો પ્રયત્ન કરે, એની રુચિ આવે, એની મહિમા આવે એનો ઓળખવાનો (પ્રયત્ન), તત્ત્વનું ચિંતવન કર્યા કરે, આત્મા કોણ છે? ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરે. ૧.

❀ બહેનશ્રી : દેવ-ગુરુ-શાસ્ત્ર શું કહી રહ્યા છે? શું એનો આશય છે? એ પ્રમાણે પોતે આત્માને વિચારથી પરીક્ષા કરીને ઓળખે અંતરમાં. આ ચૈતન્ય 'આ જે જાણનારો જ્ઞાયક છે તે જ હું'. એમાં આનંદ છે, જ્ઞાન છે બધું એમાં જ છે. બધું સર્વસ્વ એમાં જ છે. અનંત ગુણોથી ભરેલો છું. એટલી શ્રદ્ધા રાખવી જોઈએ. અંતર એ જાતની ઓળખ, એની લીનતા થાય. એ બધું અંતરમાંથી થાય તો એ સ્વાનુભૂતિની માર્ગે જઈ શકે. સમ્યગ્દર્શન થાય ત્યારે

સ્વાનુભૂતિમાં અંશે સિદ્ધદશા પ્રગટ થાય છે. સ્વાનુભૂતિ પ્રગટ થાય ત્યારે મુક્તિનો માર્ગ શરૂ થાય છે. એ કેમ થાય તે કરવા જેવું છે. સ્વાનુભૂતિનો માર્ગ ગુરુદેવે બતાવ્યો છે. એ માર્ગ પર જ ચાલવા જેવું છે. ચૈતન્ય તત્ત્વ જુદો જ્ઞાયક છે, શરીર તત્ત્વ જુદું છે, વિભાવ પર્યાય પોતાનો સ્વભાવ નથી. એનું જ્ઞાન, એની શ્રદ્ધા, એની લીનતા. સ્વાનુભૂતિ પ્રગટ કરવાથી એમાંથી જ કેવળજ્ઞાન પ્રગટ થાય છે. કેવળજ્ઞાન કાંઈ બહારથી નથી આવતુ, અંતર આત્મામાંથી જ પ્રગટે છે. એ સ્વાનુભૂતિની દશા વધતાં વધતાં અંતરમાંથી જ કેવળજ્ઞાન થાય છે. ખરું એ છે, જીવનનું કર્તવ્ય તે છે સ્વાનુભૂતિ પ્રગટ કરવું. સ્વાનુભૂતિ દીપક પ્રગટે તો પૂર્ણતા પ્રગટ થઈ જાય. કેવળજ્ઞાન એક સૂર્ય છે ને આ એક ચૈતન્ય સ્વાનુભૂતિ અંશ છે, પ્રગટ કરવા જેવું છે. એ તો ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરવાથી સ્વાનુભૂતિ પ્રગટ થાય. વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ દશા કેમ પ્રગટ થાય? એનો પુરુષાર્થ, પ્રયત્ન, એનો વિચાર, મંથન, લગની કરવા યોગ્ય છે. ૨.

❀ બહેનશ્રી : ગુરુદેવે માર્ગ બતાવ્યો છે. દેવ-ગુરુ-શાસ્ત્ર બધું કહી ગયા છે એ કરવું. દેવ-ગુરુએ તો પ્રાપ્ત કર્યું. દેવ તે પૂર્ણતા કરી. ગુરુ તો સાધક દશામાં વિશેષ આગળ જાય છે. પોતાને એ કરવાનું છે. જે દેવ-ગુરુ-શાસ્ત્ર બતાવે છે એ, ભગવાન—જેવા ભગવાન છે એવો પોતાનો સ્વભાવ છે. જે ભગવાનના દ્રવ્ય, ગુણ, પર્યાય જાણે તે પોતાના જાણે. ભગવાનને જાણે. તો પોતે કેમ ઓળખાય? પોતા તરફ ધ્યેય રાખવા જેવું છે. હું કોણ? પોતે શું? ચૈતન્ય દ્રવ્ય—એના ગુણો, એની સ્વભાવ પર્યાય કેમ પ્રાપ્ત થાય? એ બધું યથાર્થ જ્ઞાન કરવા જેવું છે. ભગવાનને ઓળખે એ પોતાને ઓળખે, પોતાને ઓળખે એ ભગવાનને ઓળખે એવો નિમિત્ત-ઉપાદાનનો સંબંધ છે. પુરુષાર્થ કરે, અંદર દૃષ્ટિ કરે તો પોતામાંથી પર્યાય આવે છે. ક્યાંય બહારથી નથી આવતું. ચૈતન્યમાં બધો સ્વભાવ ભરેલો છે. એમાંથી પ્રાપ્ત થાય છે. 'જે છે' એમાંથી પ્રગટે છે. ૩.

✻ પ્રશ્ન : દૃષ્ટાંત કેવો આવે ?

● ઉત્તર : જે માર્ગે સિંહ સંચર્યા, તે માર્ગે હરણા ન જાય. ઊભા ઘાસ પણ નહીં ચરે, પોતે જ્યાં પુરુષાર્થ કરે ત્યાં પુરુષાર્થથી કર્મો, વિભાવ બધા જુદા પડી જાય છે. જે માર્ગે સિંહ ચાલ્યો હોય તે માર્ગે રજ ઉડી હોય ત્યાંથી હરણાં ચાલે જ નહીં. એવો સિંહ પરાક્રમી હોય છે. સિંહ જેવો આત્મા પરાક્રમી સાધક આત્મા એવા મહાપુરુષો જે માર્ગે ચાલ્યા તે માર્ગે ચાલવાના કાયરોનું કામ નથી. એમ કહે છે આ માર્ગ તો વીરોનો છે. જે માર્ગે ભગવાન ચાલ્યા એ માર્ગ તો વીરોનો છે. કાયરોના કામ નથી. સિંહ ચાલે ત્યાં હરણાં કોઈ ઊભા ન રહી શકે એમ મહાપુરુષો જે માર્ગે ચાલ્યા તે માર્ગે કાયરો કોઈ ઉભા ન રહી શકે એમ કહે છે. ૪.

❀ બહેનશ્રી : મહાવીર ભગવાન આગળ છે. ગૌતમસ્વામી પાછળ. એવું પહેલાં ઘણા વર્ષો પહેલાં જૈન પ્રકાશમાં આવ્યું હતું કે (ગૌતમ કહે છે) પ્રભુ! ઊભા રહો, આ મારું (કપડું) આમાં ભરાય છે. '(મહાવીર કહે છે કે)' અરે! ગુલામમાર્ગી! 'અરે! તારું લૂગડું (કપડું) ભરાય છે તો છોડ કપડા. ખાલી કપડાં નહીં, છોડ બધું' એવી રીતે માર્ગે અવાય એમાં કહે છે. ૫.

✻ પ્રશ્ન : જ્ઞાનીને પણ માર્ગનો ક્રમ સેવવો, મુનિને પણ એવો ક્રમ સેવવો પડતો હશે? કે જલ્દી પ્રાપ્ત થાય ખરો?

● ઉત્તર : જલદી પ્રાપ્ત થાય પણ એને પુરુષાર્થની મંદતા છે એટલે એક જ ઉપાય છે ભેદજ્ઞાનનો. એકત્વબુદ્ધિ જે થઈ રહી છે. ચૈતન્ય જ્ઞાયક જુદો ને આ જુદું છે. એ વિભાવ ને સ્વભાવ ને બે જુદા પાડવા. એમાં યથાર્થ રુચિ, યથાર્થ મહિમા; લગની. અંતરમાં તત્ત્વ વિચાર કરીને પોતાનો સ્વભાવ ગ્રહણ કરવાની એવી પોતાની શક્તિ અંદરથી એવી પરીક્ષક શક્તિ એને પ્રગટ કરવી જોઈએ કે આ સ્વભાવ છે. આ વિભાવ છે. પણ એ થયા વગર રહેતું નથી. અંદર લગની લાગે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર, ગુરુદેવ શું કહે છે એ આશય ગ્રહણ

કરવા માટે પોતે અંદર તૈયારી કરીને અંતરમાંથી ચૈતન્ય સ્વભાવ ગ્રહણ કરવાની એવી પોતાની તીક્ષ્ણ તૈયારી કરે તો થયા વગર રહેતું નથી. ઉપાય તો એક જ છે. 'જ્ઞાયક તત્ત્વ જુદું ને વિભાવ સ્વભાવ જુદો. હું આ અખંડિત જ્ઞાયક છું.' એમાં ગુણ ભેદ, પર્યાયભેદ, એનું જ્ઞાન બધું એમાં સમાઈ જાય છે. યથાર્થ દૃષ્ટિ થાય તો એમાં જ્ઞાન બધું સમાય જાય છે. એ ભેદને એ વાસ્તવિક ભેદ ને ગુણ ભેદ ને પર્યાય ભેદ એનું જ્ઞાન કરે છે. બાકી વિભાવ છે તે તો પોતાનો સ્વભાવ નથી. એનાથી છૂટ્ટો પડે છે. ચૈતન્યતત્ત્વ હું ન્યારો છું. એમાં અનંતગુણથી અખંડ ભરેલો ચૈતન્ય છું. એમાં કોઈ ભેદભાવ નથી, પણ એ લક્ષણ ભેદ અને પર્યાય ભેદ એનું એ જ્ઞાન કરે છે. માર્ગ તો એ જ છે. ભેદજ્ઞાન કરવાનો ઉપાય. પણ એને માટે એની તૈયારી, એને પોતાની પાત્રતા તૈયાર કરવાની, ત્યાં એક આત્માર્થનું જ એનું પ્રયોજન છે. બીજા બધા લૌકિક પ્રયોજન એની આગળ ગૌણ થઈ જાય, એને છૂટી જાય છે. એક આત્મા જ પ્રયોજન રહે છે. ૬.

❀ બહેનશ્રી : સ્વરૂપનો પોતે વિચાર કરવો અંદરમાં. આ બહારની મહિમા છૂટી અંદર જ્ઞાયકનો સ્વભાવ ઓળખવો, આ આત્માનો સ્વભાવ કોઈ અલૌકિક છે. સ્વભાવ ઓળખવો, મહિમા કેમ આવે? જ્ઞાયક એક દિવ્યમૂર્તિ છે. જ્ઞાયક માત્ર જ્ઞાન નથી. પણ જ્ઞાયક અનંત ગુણોનો ભંડાર, ભરપૂર દિવ્ય છે. એમ મહિમા લાવવો. આપણે એક લૂખું જાણનાર જાણનાર' એમ નથી, પણ દિવ્યતા ભરેલો પદાર્થ છીએ. ૭.

✻ પ્રશ્ન : દિવ્યતા એટલે શું?

● ઉત્તર : દિવ્યતા એટલે આશ્ચર્યકારક દિવ્યતા. દિવ્યતાનો અર્થ–પોતે દિવ્ય સ્વરૂપ છે. દિવ્યતા એટલે દિવ્ય–દેવ સ્વરૂપ આશ્ચર્યકારી દિવ્યતા. એ કહી ન શકાય એવું. એનો અર્થ ઈ દિવ્યતા, વર્ણન ન થાય. અનુભવમાં આવે. ૮.

✻ પ્રશ્ન : કેવો અનુભવ હશે?

● ઉત્તર : એ પોતે અનુભવ કરે ત્યારે સમજી શકે. બાકી એનો માર્ગ આવે છે શાસ્ત્રમાં. પણ લગની લાગી નથી. નહીંતર પ્રાપ્ત થયા વગર રહે જ નહીં. લગનીમાં ખામી છે. પુરુષાર્થની ખામી છે. પ્રમાદ છે. ૯.

✻ પ્રશ્ન : પ્રમાદ?

● ઉત્તર : પ્રમાદ છે. ૧૦.

✻ પ્રશ્ન : પ્રમાદ છે કે લગની?

● ઉત્તર : લગની સાચી નથી. પ્રમાદ છે. લગનીની મંદતા છે ને પ્રમાદ છે. આજે જ કાર્ય કરવું છે. આજે જ કરવું છે એવી જાતનો અંદર પુરુષાર્થ નથી. પ્રમાદ છે. ૧૧.

❀ બહેનશ્રી : પંચમકાળમાં ગુરુદેવ પધાર્યા અને મુક્તિનો માર્ગ સ્પષ્ટ કર્યો છે. કોઈ જાણતું ન હતું. બધાને પંચમકાળમાં બાહ્યદૃષ્ટિ હતી. ગુરુદેવે અંતર દૃષ્ટિ કરાવી. મુક્તિનો માર્ગ, સ્વાનુભૂતિનો માર્ગ, મુનિની દશા, કેવળજ્ઞાન બધું ગુરુદેવે બતાવ્યું. આત્માની જિજ્ઞાસા હોય તો અંતરથી લગની લાગે. ખરી લગની લાગે તો પ્રગટ થયા વગર રહે નહીં. જીવને લગની લગાવવી અને અંતરમાં રુચિ થાય, તત્ત્વના વિચાર કરીને અંતરમાં જ્ઞાયક કોણ છે? પોતાનો સ્વભાવ શું છે? એ નક્કી કરે અંતરમાંથી કે 'હું જાણનાર જ્ઞાયક જ છું'. આ બધું જડ. જે શરીરાદિ તે મારૂં સ્વરૂપ નથી. શરીર, મન, વચન એ બધા જડ પદાર્થોથી હું જુદો છું. આ વિભાવ ને વિભાવ સ્વભાવો—બધા શુભાશુભ ભાવો તે પણ મારો સ્વભાવ નથી'. એનાથી જુદો પડી અંતરમાંથી જુદો પડીને, વિકલ્પથી ભાવના ભાવે તે જુદી વાત. અંતરથી જુદો પડીને ભેદજ્ઞાન કરે તો મુક્તિનો માર્ગ પ્રગટ થાય છે. ભેદજ્ઞાન કરીને અંતરમાં લીન થાય. એની શ્રદ્ધા, એનું જ્ઞાન, અને લીનતા કરે તો સ્વાનુભૂતિ પ્રગટ થાય. બાકી એને માટે એની લગની, જિજ્ઞાસા. વારંવાર એની ચૈતન્યની મહિમા

આવે, ચૈતન્યની રુચિ લાગે, ચૈતન્યનું યથાર્થ તત્ત્વનું સ્વરૂપ ઓળખે અને વિભાવથી વિરક્તિ આવે તો અંતરમાં પરિણતિ વળે તો થાય. બહારમાં દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા. શુભાશુભ ભાવ બેઉ વિભાવ છે તો પણ દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા આવ્યા વગર રહેતી નથી શુભભાવમાં. અને અંતરમાં શુદ્ધાત્માની રુચિ. બધા વિભાવોથી આત્મા જુદો છે, એવી શુદ્ધાત્માની રુચિ અંદરમાં હોવી જોઈએ. એવી લગની અને જિજ્ઞાસા લગાડે તો થયા વગર રહે નહીં. ક્ષણ ક્ષણે લગની, જિજ્ઞાસા હોવી જોઈએ. પુરુષાર્થ વગર થાતું નથી. ગુરુદેવે પુરુષાર્થ કરવાનું કીધું છે. ચાર ગતિનો અભાવ પોતે અંદર પુરુષાર્થ કરે તો થાય. જીવ જે બહારમાં રોકાયો છે તે અંદરમાં દૃષ્ટિ કરી અંતરદૃષ્ટિ કરી પોતાને ઓળખે તો થાય. ૧૨.

❀ બહેનશ્રી : મુક્તિનો માર્ગ તો અંતરમાં છે. જ્ઞાયકમાં રહેલો છે, જ્ઞાયક પોતે મુક્ત સ્વરૂપ છે. એમાંથી પોતે ભ્રમને લઈને જાણે 'હું આ બધે અટવાઈ ગયો છું' એવું એને થઈ ગયું છે. આ અનાદિનું દ્રવ્ય તો મુક્ત જ છે, પર્યાયમાં એને વિભાવ થઈ રહ્યો છે. એ પર્યાયમાં પણ શુદ્ધતા થાય ત્યારે શુદ્ધતા કહેવાય. દ્રવ્ય તો શુદ્ધતાથી ભરેલો એ જ્ઞાયક શુદ્ધ. એવી દૃષ્ટિ, એવું જ્ઞાન અને એવી જાતની શુદ્ધતા પ્રગટ કરવાથી મુક્તિનો અંશ પ્રગટ થાય છે. એ વિશેષ, વિશેષ કરતા પૂર્ણતા થાય છે. એ કરવાનું છે. એમાં જ આનંદ ને એમાં જ સુખ ભરેલું છે. અનાદિથી જાણે બહારથી કાંઈ આવે છે એવું માની લીધું છે. પણ અંતરમાં દ્રવ્યમાં જે ભરેલું છે તેમાંથી પ્રગટ કરવાનું છે. દ્રવ્યમાં જ બધું છે. દ્રવ્યના જે સ્વભાવો છે એ સ્વભાવમાંથી પ્રગટ કરવાનું છે. સ્વભાવની વારંવાર આરાધના કરે, દૃષ્ટિ એના તરફ કરે, જ્ઞાનની પરિણતિ એ જાતની કરે તો જે સ્વભાવ છે તે પ્રગટ થાય. ૧૩.

❀ ભક્તિ : એ.....મૂળ મારગ સાંભળો જિનનો રે,
કરી વૃત્તિ અખંડ સન્મુખ...મૂળ.

એ....નોય પૂજાદિની જો કામના રે,
નો'ય વહાલું અંતર ભવદુખ...એ....મૂળ.

❀ બહેનશ્રી : મુક્તિકા માર્ગ ક્યા હૈ? આત્મા કોણ છે? ગુરુદેવે તો માર્ગ સ્પષ્ટ કર્યો, સમયસારમેં તો બહોત માર્ગ બતાયા સરલ કરકે. સમયસારમેં બહુત બતાયા. સમયસારમાં તો બહુ જ આત્માનું સ્વરૂપ બતાવ્યું છે. આત્મા કોણ છે? દ્રવ્ય કોણ છે? વિભાવ ક્યા હૈ? ચૈતન્ય શુદ્ધાત્મા હૈ ઉસમેં વિભાવ પર્યાય ભી હૈ. દ્રવ્યદૃષ્ટિસે વો અભૂતાર્થ હૈ, પર્યાયસે પર્યાય, ભૂતાર્થ દ્રવ્ય અપેક્ષાસે વહ અભૂતાર્થ હૈ. બહુત બાત સમયસારમેં. સ્વાનુભૂતિકી બહોત બાત આતી હૈ. સ્વાનુભૂતિ જબ હોવે તો મુક્તિકા અંશ પ્રગટ હોવે. મુક્તિકી પર્યાય પ્રગટ હો, સ્વાનુભૂતિ જબ બઢતી જાય તો યહ સચ્ચી મુનિદશા આતી હૈ. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને (મુનિ) અંતર્મુહૂર્ત-અંતર્મુહૂતમેં ઝૂલતે હૈ ઐસી દશા જબ હોય તબ મુનિદશા, પ્રમત્ત-અપ્રમત્ત દશા તો સહજ પરિણતિ ઐસી હો જાય તબ કહનેમેં આતી હૈ. સમ્યગ્દર્શન-જબ ભેદજ્ઞાન હોવે, સ્વાનુભૂતિ હોવે, તબ સમ્યગ્દર્શન કહનેમેં આતા હૈ. પીછે વિશેષ પરિણતિ સ્વાનુભૂતિકી હોવે, તબ ઉસકે અનુસાર ઉસકે વ્રત હોતે હૈ. વહ વ્રત ઔર શુભપરિણામ સહજ આતા હૈ, વહ હઠ નહીં કરના પડતા, વહ સહજ દશાકે સાથમેં જો શુદ્ધ પરિણતિ રહતી હૈ ઉસકો દેશવ્રતી પરિણતિ કહતે હૈ. વહ ઉપચાર કહનેમેં આતે હૈ શુભભાવ. શુભભાવ તો પુણ્યબંધકા કારણ હૈ. શુદ્ધ પરિણતિ હોતી હૈ વહ મુક્તિકા માર્ગ પ્રગટ હોતા હૈ અંતરમેં, વહ મુક્તિકા માર્ગ હૈ. ૧૪.

દ્રવ્યદૃષ્ટિ—દ્રવ્ય શાશ્વત હૈ ઉસકે ઉપર દૃષ્ટિ કરની, વહ તરફ પરિણતિ કરની, ભીતરમેં ભેદજ્ઞાન કરના, વહ મુક્તિકા માર્ગ હોતા હૈ. સમયસારમેં બહુત આયા હૈ, શુદ્ધનય, વ્યવહારનય. ભીતરમેં જ્ઞાન દર્શન ચારિત્રકા ભેદ હોતા હૈ વહ ભી વ્યવહાર હોતા હૈ. અખંડ આત્માકો પહચાના, વહ શુદ્ધનયકે સાથમેં જો વ્યવહાર આતા હૈ વહ

જ્ઞાન ઔર દર્શન ઔર ચારિત્ર, વિકલ્પ આયે વગર રહેતા નહીં એ શુભભાવ જ્ઞાન-દર્શન- ચારિત્ર કા ભેદ પડતા હૈ વહ ભી વ્યવહાર હૈ. સાથમેં રહતા હૈ. આદરણીય નહીં. દ્રવ્ય ઉપર દૃષ્ટિ આદરણીય. વ્યવહાર શુભભાવ સાથમેં હોતા હૈ તો જાનતે હૈ, ઐસી બહોત બાતે આતી હૈ ઈસમેં. ઈસકી ભાવના કરના, ભેદજ્ઞાન કૈસે પ્રગટ હો? તો મુક્તિકી પર્યાય પ્રગટ હોગી. બાકી બહારસે તો અનંતવાર બહોત કિયા હૈ. શુભ પરિણામ કિયા, બહોત કિયા. વહાં પુણ્યબંધ કિયા. શુદ્ધાત્માકો નહીં પહચાના. શુદ્ધ આત્માકો પહિચાને તબ મુક્તિકી પર્યાય પ્રગટ હોગી. અનુપમ આનંદદશા સ્વાનુભૂતિકી પ્રગટ હોગી, તબ સમ્યગ્દર્શન કહેનેમેં આતે હૈ. ઉસકે સાથમેં જો પરિણામ રહતા હૈ ઉસકો વ્રત, ઉસકો શુભપરિણામરૂપ વ્રત—શુદ્ધ પરિણતિ પ્રગટ હોવે તો શુદ્ધ પરિણતિકે સાથમેં જો વ્રત રહતા હૈ ઉસકો કહનેમેં આતા હૈ અંતરમેં. શુદ્ધ પરિણતિ પ્રગટ કરના હોગા. ૧૫.

**✻ પ્રશ્ન : શુભભાવોના પરિણામ ઉપર લક્ષ આપવાનું?**

● ઉત્તર : પરિણામ ઉપર નહીં. અંતરદૃષ્ટિ અંતરના પરિણામ ઉપર આધાર રાખે. બાહ્ય ક્રિયાઓ ઉપર આધાર ન હોય. પણ એની દૃષ્ટિ સત્‌ તરફ હોય. ૧૬.

**✻ પ્રશ્ન : સ્વભાવની રુચિ થઈ છે. તે સ્વભાવની રુચિ યથાર્થ નહીં થઈ હોય?**

● ઉત્તર : પોતાનો આત્માનો અંદર વિશ્વાસ આવી જાય કે અંદર રુચિ થઈ છે, રુચિ એવી કે આત્મા વગર મને ક્યાંય ચૈન પડે નહીં. આત્મા મળે તો જ શાંતિ છે. એવી જો અંતરથી યથાર્થ રીતે એવી ભાવના ને લગની હોય તો, એને આત્મા વગર મને સંતોષ થાય એમ નથી એવું અંતરમાં હો તો એની રુચિ યથાર્થ છે એને પુરુષાર્થ—એની ગતિ તે તરફ ગયા વગર પુરુષાર્થની ગતિ રહેવાની નથી. એને કાળ લાગે પણ એ પોતે જ પકડી શકે છે કે મને આત્મા વગર ક્યાંય ચેન પડે એમ નથી. આત્મા વગર ક્યાંય

ચેન પડે એમ નથી. આત્મા વગર મને શાંતિ થાય એમ નથી. અંતરમાંથી શાંતિ ના આવે ત્યાં સુધી મને ક્યાંય શાંતિ લાગે એમ નથી. એવું પોતાને અંતરમાંથી થાતું હોય તો પોતાની રુચિને પોતે પકડી શકે છે. આત્માની સ્વભાવ પરિણતિ વગર ક્યાંય સંતોષ થાય એમ નથી. એમ અંતરમાંથી જો થાતું હોય તો એની રુચિ એ પોતે જ એ જાણે ને પોતે જ પકડી શકે કે આ રુચિ એવી છે આત્મા પ્રગટ કરે જ છૂટકો છે. પોતાની રુચિ ને પોતે પકડી શકે છે. એમાં કાળ લાગે એ એક વાત જુદી છે. ગુરુદેવે એક એવો માર્ગ બતાવ્યો અંતર દૃષ્ટિનો!

આ બધા બહારથી આવે છે જાત્રા કરવા પગેથી હાલી હાલીને જાણે કે આમાં કાંઈ ધર્મ મળી જશે. એ ધર્મ ક્યાંય દૂર થઈ જાય છે ને બહારથી બધું કર્યા કરે છે. કે આમ કરવાથી મળશે, આમ કરવાથી મળશે. ગુરુદેવે અંતરની દૃષ્ટિમાં માર્ગ બતાવ્યો, અંતરની પરિણતિ પલટાવી દીધી. પગેથી હાલીને બે બે મહિનાથી બધા જાત્રા કરે છે. ધર્મ તો દૂર ને દૂર રહી જાય છે. આવી રીતે તો અનંત કાળમાં બધું આવું કરી ચૂક્યો છે. ડુંગર ઉપર જઈને આતાપના સહન કરે, શિયાળામાં ઠંડી સહન કરે, તોય આત્મા તો દૂર ને દૂર રહી જાય છે. અંતરની સત્‌ની રુચિ પ્રગટ્યા વગર અંદર પુરુષાર્થની ગતિ જ આત્મા તરફ જાતી નથી ને બહારથી કાંઈક આવી જાય છે એવું માની લે છે. (એ ખોટો માર્ગ છે). ૧૭.

✻ પ્રશ્ન : ભ્રમણાઓ બધી કાઢી નાખી (ગુરુદેવે).

● ઉત્તર : બધી ભ્રમણાઓ કાઢી નાખીને એવો માર્ગને સ્પષ્ટ કરી દીધો છે. ક્યાંયથી કોઈની ભૂલ રહી જાય નહીં. એટલો સ્પષ્ટ કરી દીધો છે. ૧૮.

✻ પ્રશ્ન : ગુરુમંદિર બનાવીશ તો પણ તારું કલ્યાણ નહીં થાય. (એમ)?

● ઉત્તર : ચૈતન્ય તરફ દૃષ્ટિ નથી ત્યાં સુધી કાંઈ મળતું નથી.

ગુરુદેવે બધાને યથાર્થ માર્ગ–દૃષ્ટિ બતાવી દીધી છે. હવે ચાલવાનું પોતાને છે. ૧૯.

✻ પ્રશ્ન : ગુરુદેવની સાચી ભક્તિ તો આપની પાસે છે.

● ઉત્તર : જાત્રા, દીક્ષા એ બધું. કાંઈ સમજાતું નથી. કંઈ સમજાતું નથી. એ જાણે છોડી દીધું એટલે આત્માનું કલ્યાણ થઈ ગયું એવું માને છે. (પણ એ સાચો માર્ગ નથી.) ૨૦.

✻ બહેનશ્રી : ચારિત્રને રત્ન કહ્યું છે. અધિકાર જ ચારિત્રનો છે. (ચારિત્ર બહારથી હોય તો) પુણ્ય બાંધે બીજું કાંઈ નહિ. પરિણામ સારા હોય તો પુણ્ય બાંધે બાકી એના એ ચક્કર ને ચક્કર. ઘાંચીનો બળદ જ્યાં છોડે તો ત્યાં ને ત્યાં ચક્કરમાં ઊભો હોય. ૨૧.

✻ પ્રશ્ન : માર્ગ તો જુદો છે?

● ઉત્તર : દૃષ્ટિ અંતર કરતા અંતરમાંથી પ્રગટ થાય. શુદ્ધાત્માને ઓળખે એમાંથી શુદ્ધાત્માની પર્યાય પ્રગટ થાય. એમાંથી સ્વાનુભૂતિ–એ બધું એમાંથી થાય છે. ભેદજ્ઞાન પ્રગટ થાય. ભાવના એ જ રાખવા જેવી છે. એ જ કરવાનું છે. ધ્યેય તો એક જ કે જ્ઞાયક પ્રગટ થાય. એ જ કરવાનું. લક્ષ તો એક જ, ધ્યેય તો એક જ કરવાનું છે. (એ જ માર્ગ છે) ૨૨.

✻ પ્રશ્ન : મુનિઓ આ જ રીતે પુરુષાર્થ કરી મોક્ષ પધાર્યા'તા? ગુરુદેવે કીધું તું કે વર્તમાનમાં. (આ જ માર્ગ છે?)

● ઉત્તર : પુરુષાર્થ કરનાર બધા સાથે જ છે ગુરુદેવે એનો અર્થ કર્યો હતો. અનંતા જીવોએ આ માર્ગ આદર્યો છે. ઘણા આત્મા જ આદરણીય. સાથે જ ને સાથે છે. સાધકદશા એવી સાધના કરી રહ્યા છે, કરે છે અને ભૂતકાળમાં કરી છે. ૨૩.


✻ પ્રશ્ન : રાગની જેલમાંથી છૂટીને અનંતા જીવ મોક્ષ પધારી ગયા એમ ગુરુદેવ ફરમાવે છે.

● ઉત્તર : ગુરુદેવે કીધું જે અનંતા જીવો મોક્ષ ગયા એ માર્ગે ચાલવાનું છે. ભલે વાર લાગે પણ અનંત જીવોએ એ માર્ગ આદર્યો

છે. બધા જીવો તારી સાથે છે. તું પુરુષાર્થ કરે તો દેવ-ગુરુ-શાસ્ત્ર તારી સાથે છે. તને માર્ગ બતાવે છે. કરવાનું તારે પોતાને છે. ઊંચે, ઊંચે જવાનું કહે છે. અંદર શુદ્ધાત્માને ઓળખીને શુભભાવ (બાજુએ) મૂકી ઊંચે જવાનું કહે છે. નીચે જવાનું નથી કહેતા. શુદ્ધ–તારો સ્વભાવ ઊંચે ઊંચે જવાનું કહે. શુભ વચ્ચે આવે પણ ઊંચે જવાનું કહે છે. દૃષ્ટિ ત્યાં રાખે શુદ્ધ આવે છે. ૨૪.

'જય હો વિજય હો'

'ભગવતી માતનો જય હો'




## આનંદ છે એક

આનંદ છે એક આતમ પદમાં બીજાં બધા દુઃખદાયી.
જીવલડાં જાગીને જો તું મોહનીંદથી
આગમજ્ઞાનથી આતમ જણાય ના....
આતમ જણાય આતમથી... જીવલડાં જાગીને
પુણ્ય છે શુભ ને પાપ અશુભ
એવી ભ્રાંતિમાં તું રહે ના...જીવલડાં જાગીને
ઈષ્ટમાં રાગ કરે, અનિષ્ટમાં દ્વેષ
ગતિઓના બાંધે બંધન....જીવલડાં જાગીને
રત્ન ચિંતામણિથી પણ અધિક
અમૂલ્ય રત્ન તું આતમા....જીવલડાં જાગીને